# 'ભાષણ વાંચીને કરવું કે ગોખેલું બોલીને? વિષય પર મહાચર્ચા

આગામી ૧૨ મી મે ના રોજ કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપ અને કોંગ્રેસે ચૂંટણીજંગ જીતવા ઢોલ નગારાં વગાડવાની શરૂઆત કરી દીધી છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે, તો સામે પક્ષે ભાવિ વડાપ્રધાનપદનાં ખ્યાબ જોતા તરવરિયા યુવાન આર.આર.ગાંધી ઉર્ફે રાહુલકુમાર રાજીવભાઈ ગાંધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રેલીને સંબોધતા કહ્યું ''રાહુલ ગાંધી અંગ્રેજી, હિન્દી કે તેમની માતૃભાષા (ઈટાલી)માં વાંચ્યા વિના પંદર મિનિટ ભાષણ આપે તો પણ બહુ છે. પાંચ વાર 'વિશ્વસરૈયા' બોલીને બતાવે તો પણ ઘણું છે.

આમ વડાપ્રધાન અને સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન વચ્ચેનો આ વાણીજંગ છે રાહુલ ગાંધી વતી મહિલા કોંગ્રેસ અધ્યક્ષ સુસ્મિતા દેવે જવાબ આપ્યો, ''મોદી ખોટું બોલ્યા વગર ૧૫ મિનિટ સુધી બોલી બતાવે'' આ ચડસાચડસીમાં અમારી ઓટલા પાર્લામેન્ટને ચર્ચાનો મસ્ત વિષય મળ્યો. વિષયનું ટાઈટલ છે. 'વક્તાએ પોતાનું ભાષણ વાંચીને કરવું કે ગોખેલું બોલીને? જો કે બફાટની શક્યતા આ બંન્ને સ્ટાઈલમાં વત્તા-ઓછા અંશે રહેલી છે. આપણા દેશમાં તો વાંચીને ભાષણ કરવાની પરંપરા જ નથી વગર વાંચ્યે મનમાં વિચાર્યું હોય તે બોલવું અને પોતાને કહેવી છે, તે વાત શ્રોતાગણના મગજમાં ઘુસાડવાનું કામ વાંચ્યા વિના બોલનાર વક્તાથી જન સમુદાય વિશેષ પ્રભાવિત થતો હોય છે. મહાત્મા ગાંધી, સરદાર પટેલ, પંડિત નહેરુ કે એમના સમયના નેતાઓ પોતાનું વક્તવ્ય વાંચ્યા વિના આપતા હતા. પરંતુ એ નેતાઓ ક્યારેય બફાટ કરતા ન્હોતા, જવા દો એ લમણાકૂટ. અમારી ઓટલા પાર્લામેન્ટની બેઠકમાં બધા જ સભ્યો વાંચ્યા વિના જ પોતાનું વક્તવ્ય રજૂ કરે છે. શું અપવાદ તરીકે શાયર જીવણલાલ જખ્મી કોઈવાર ગજવામાં કાપલીઓ ઘાલી લાવે છે. તે પણ કવિતાની ભાષણની નહિ.

અમારી ચર્ચાના પ્રારંભે જ જટાકાકાએ એક પ્રસંગ કહ્યો ખોંખારો ખાઈ ગળું સાફ કર્યા બાદ તેઓ બોલ્યા ''વર્ષો'' પહેલાં મેં સ્વ. જગદીશ શાહ નિર્મિત અને અભિનિત એક નાટક જોયું નાટકનું નામ હતું 'હું' પ્રધાન બન્યો.' પ્રધાનનું પાત્ર જગદીશ શાહે પોતે જ ભજવ્યું હતું. બીડીના કારખાનાના માલિકમાંથી મિનિસ્ટર બનેલા એ નેતાને ભાષણ કરતાં આવડે નહિ એટલે પોતાના સેક્રેટરીએ લખી આપેલું ભાષણ વાંચી જાય, એમનો સેક્રેટરી બાજુમાં જ પડછાયાની જેમ ઊભો હોય એક વખત પ્રધાનજી ભાષણ કરતા હતા. તેમણે ભાષણ વાંચવાનો પ્રારંભ કર્યો. પાંચ-સાત લીટી વાંચ્યા બાદ એક વાક્ય આવતું હતું : 'અમે ગામડાંને સ્વાલલંબી બનાવીશું.' અહીં આવતો 'સ્વાલંબી' શબ્દ પ્રધાનશ્રી બરાબર વંચાયો નહિ, એટલે પ્રધાનશ્રી બોલી ગયા : ''અમે ગામડાંને પ્રલાવલંબી બનાવીશું.'' આ વાક્ય સાંભળી ઓડિયન્સ ખુશ થઈ, જોર જોરથી એવી તાળીઓ પાડવા લાગ્યું જાણે એમના મોઢામાં પુલાવનો ધોધ વછૂટ્યો હોય! આમ વાંચીને ભાષણ કરવામાં પણ ક્યારેક લોચા વાગી જતા હોય છે.''

આટલું બોલ્યા બાદ કરસને હાથ ઊંચો કરી, બોલવાનો પ્રારંભ કર્યો : ''કાકાશ્રી ! આ નેતાઓને ત્રણ 'ભ' ખૂબ જ વ્હાલા હોય છે ત્રણ 'ભ' એટલે ભાષણ, ભોજન અને ભ્રમણ કારણ કે આ ત્રણેય એમને મફતમાં મળે છે. કોઈ સ્થળે એમનું ભાષણ ગોઠવાય, એટલે જે તે સ્થળે જવાનું ભથ્થુ સરકાર તરફથી મળે. ભોજન ખર્ચ કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા ભોગવે અને બોલવામાં તો કોઈ ખર્ચ થવાનો જ નથી કે આજે એક એવા નેતાની વાત કરીશ, જેઓ પોતનું ભાષણ કાયમ વાંચીને જ સંભળાવે છે. ભાષાના તેઓ એવા નિષ્ણાંત અને આગ્રહી છે કે એમના ભાષણમાં આવતા વિરામચિહ્નોનાં નામ દેવાનું પણ તેઓ ચૂકતા નથી. હું ગત વિધાનસભાની ચૂંટણી પહેલાં મારા મામાને ગામ ગયો હતો. ત્યાં એક અપક્ષ ઉમેદવાર સ્ક્રિપ્ટમાં લખેલું વાંચીને ભાષણ કરતા હતા, તે સાંભળો : ''મારા વ્હાલા મતદારભાઈઓ અને બહેનો પૂર્ણ વિરામ. તમે સૌ જાણો છો કે ગુજરાતમાં કઈ કઈ સમસ્યાઓ છે પ્રશ્નાર્થ ચિહ્ન તમને મોંઘવારી નથી નડતી ? પ્રશ્નાર્થ ચિહ્ન, બેરોજગારી અલ્પવિરામ ગરીબી અલ્પવિરામ, મોંઘવારી અલ્પવિરામ અને અસલામતી જેવી સમસ્યાઓ સૌને દિવસ અલ્પવિરામ, રાત અને મધરાતે ઊંઘવા નથી દેતી પૂર્ણવિરામ'' આમ એ મહાશયે પોતાના વક્તવ્યને પરફેક્ટ દેખાડવા વિરામચિહ્નનાં નામ પણ બોલતાં હતા.''

''ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી તે પહેલાં તેઓ કદાચ પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક હશે !'' નરોત્તમના વક્તવ્ય પર શાયરે પોતાનો વિચાર દર્શાવ્યો સાથે સાથે અમારા સૌની સામે પ્રશ્ન મૂક્યો : '' ધારો કે પશુઓમાં આપણી જેમ ચૂંટણી થાય તો કયું પશુ જીતે? ''ભાષણની દૃષ્ટિએ જવાબ આપ્યો ''

શાયરનો સવાલ સાંભળી જટાકાકા તરત જ બોલી ઊઠ્યા : ''પશુઓમાં જો ચૂંટણી થાય તો કૂતરો ઓવર બહુમતીથી ચૂંટાઈ આવે, કારણ કે એમને ભસવાની, એટલે કે ભાષણ કરવાની વારસાગત આવડત હોય છે. વળી એમને તો સીધું જ ભાષણ કરવાનું હોય છે. એમને વાંચીને ભાષણ કરવાનું હોતું જ નથી. એટલે વિજય એમને જ મળે. '' આટલું બોલી જટાકાકાએ હસતાં હસતાં બંડીના

## કોટક સિક્યોરિટીઝ દ્વારા સ્ટોક માર્કેટમાં ભાગીદારી વધારવા ફ્રી ઈન્ટ્રાડે ટ્રેડિંગની શરૂઆત




**અમદાવાદ,** કોટક સિક્યોરિટીઝ લિમિટેડે (કેએસએલ) આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી આશિષ ચૌહાણની હાજરીમાં સ્ટોક માર્કેટ અંગેની તેની ભાવિ યોજનાનો ચિતાર આપ્યો હતો. સમગ્ર રાષ્ટ્ર અને આમ આદમી પોતાની સંપત્તિમાં વધારો કરી શકે તે હેતુથી, કેએસએલે ફ્રી ઈન્ટ્રાડે ટ્રેડિંગ ઓફર કરવાની શરૂઆત કરી છે, જે આજ સુધીની આ પ્રકારની પહેલી ઓફર છે. આ ઓફર હેઠળ ગ્રાહકો વાર્ષિક ફક્ત રૂ.૯૯૯ ભરી કેશ, ફ્યુચર અને ઓપ્શન્સ સેગમેન્ટ્સમાં વિના કોઈ દલાલી ટ્રેડ કરી શકશે. વધુમાં, ગ્રાહકો તેમના વ્યવહારોની ખાતરી અને ચોકસાઈ માટે કેએસએલના રિસર્ચ અને ટેક્નોલોજી પ્લેટફોર્મનો પણ ઉપયોગ કરી શકશે.

ફ્રી ઈન્ટ્રાડે ઓફર કરી કેએસએલ આગામી ૧૮ મહિનાના સમયગાળામાં તેના ગ્રાહકોની સંખ્યા બમણી કરવાની યોજના ધરાવે છે. આ ઓફરથી બ્રોકિંગ ઈન્ડસ્ટ્રીમાં ખૂબ મોટા પરિવર્તન આવશે અને સેકન્ડરી માર્કેટમાં બહોળી વૃદ્ધિ જોવા મળશે.

કેએસએલે તેના ગ્રાહકોને BSE StAR MF પ્લેટફોર્મ ઓફર કરવા માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ સાથે હાથ મિલાવ્યા છે. ૧ જુન, ૨૦૧૮થી ગ્રાહકો બહુવિધ એમએમસીની મ્યુચ્યુઅલ ફન્ડ્સ સ્કીમમાં રોકાણ કરી શકશે. ગ્રાહકો મોબાઈલ, વેબસાઈટ અને ડીલર નેટવર્ક દ્વારા ડાયરેક્ટ અને રેગ્યુલર સ્કીમ્સમાં રોકાણ કરી શકશે. થોડા સમય બાદ આ પ્લેટફોર્મ ગ્રાહકો ન હોય તેવા વ્યક્તિઓને પણ ઓફર કરવામાં આવશે. (૧૩-૧)

## બેંક ઓફ ઈન્ડિયા વધારે સિબિલ સ્કોર ધરાવતા ઉપભોક્તાઓને ઓછા વ્યાજદરે લોન ઓફર કરશે

**મુંબઈ,** બેંક ઓફ ઈન્ડિયા (બીઓઆઈ) રૂ. ૩૦ લાખ કે વધારેની હોમ લોન પર સિબિલનો ઊંચો સ્કોર ધરાવતા ઉપભોક્તાઓને પ્રેફરેન્શિયલ પ્રાઈઝિંગ ઓફર કરે છે.

આ પહેલ અંતર્ગત બેંક ૭૬૦ અને તેનાથી વધારે સિબિલ સ્કોર ધરાવતા ઉપભોક્તાઓ માટે માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્સ બેઝ લેન્ડિંગ રેટ (એમસીએલઆર – ધિરાણ દર આધારિત ફંડનો આંશિક ખર્ચ) પર હોમ લોન ઓફર કરશે. એમસીએલઆર બેંકનાં લઘુતમ વ્યાજદર છે, જેનાથી ઓછા દર ધિરાણ ન કરી શકાય.

ઉપભોક્તાઓને સિબિલ સ્કોર ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (સીઆઈઆર) છે, જે ૩ આંકડામાં હોય છે, જેમાં ઉપભોક્તાઓનો અગાઉ ધિરાણ લેવાની અને પુનઃચુકવણી કરવાનો રેકોર્ડ હોય છે તથા આ સ્કોર ૩૦૦થી ૯૦૦ વચ્ચેની રેન્જમાં હોય છે. જેમ સ્કોર વધારે તેમ લોન મંજૂર થવાની શક્યતા વધારે. મોટા ભાગની બેંકો લોનને મંજૂરી આપતાં અગાઉ ઉપભોક્તાનાં સિબિલ સ્કોર અને રિપોર્ટને ચકાસે છે.

બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, "અમે અમારાં ગ્રાહકોને શ્રેષ્ઠ, સક્રિય અને નવીન ઓફર આપવા પ્રયાસરત છીએ, જેનાથી ગ્રાહકોને જરૂરિયાતનાં સમયે ધિરાણ મેળવવામાં મદદ મળે છે. જે ગ્રાહકો ધિરાણની પુનઃચુકવણી કરવામાં નિયમિતતા ધરાવતો હોય તેમને રિવોર્ડ મળવો જોઈએ, કારણ કે તેનાથી સારો ફાઈનાન્શિયલ રેકોર્ડ જાળવવાનું મહત્ત્વ અને જરૂરિયાત વધે છે. અમારાં પ્રેફરેન્શિયલ પ્રાઈઝિંગ મોડલનો ઉદ્દેશ વધારે સ્કોર ધરાવતાં અને હોમ લોન મેળવવા ઈચ્છતાં ગ્રાહકોને સ્પર્ધાત્મક આરઓઆઈ (વ્યાજદર) પર લોન આપવાનો છે, જેનાથી તેમને પોતાનું ઘરનું ઘર ધરાવવાનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ મળશે." (૧)

## ભારતના પ્રથમ સિલિકોન સ્ટોર ઝોનટોમનો અમદાવાદ ખાતે પ્રારંભ




એબીસીડી ગ્રૂપ ઓફ કંપનીઝ દ્વારા ભારતના પ્રથમ સિલિકોન સ્ટોર ઝોનટોમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેણે ગુજરાતમાં પણ પોતાનો વ્યાપ વધારવાનું નક્કી કર્યું છે. આ શરૂઆત ભારતનાં સૌથી વ્યસ્ત શહેર ગણાતાં અમદાવાદથી શરૂ કરવામાં આવે તેનાથી વિશેષ બીજું શું હોઈ શકે કે જ્યાંના લોકોએ હજી થિમ બેઝ્ડ પાર્ક ઈમેજિકાનો પૂરતો આનંદ માણ્યો નથી. ઝોનટોમ પાસે આ પાર્કનાં એક એકથી ચડિયાતાં ઉત્પાદનો છે અને તે આ પાર્કનું અધિકૃત મર્ચેન્ડાઈઝ છે. આ જોડાણનાં ભાગરૂપે ઝોનટોમ આ પાર્કનાં ઉત્પાદનો કે જેમાં તેનાં કેરેક્ટર, સોફ્ટ ટોય્ઝ, વસ્ત્રો અને વિવિધ સાધનોનો સમાવેશ થાય છે તેનું વેચાણ કરશે. આ તમામ ઉત્પાદનો ઝોનટોનનાં ભારતભરમાં પથરાયેલા સ્ટોર્સમાં મળશે.

આ જોડાણને કારણે ભારત ઈમેજિકા થિમ પાર્કની વધારે નજીક આવશે. ભારતના લોકો હવે ઝોનટોમમાંથી ઈમેજિકાની ટિકિટો બુક કરાવી શકશે કારણ કે તે ઈમેજિકાનું અધિકૃત ટિકિટિંગ પાર્ટનર પણ છે. કંપનીનાં ઈમેજિકા સાથેનાં જોડાણને વર્ણવતાં એબીસીડી ગ્રૂપ ઓફ કંપનીઝના સ્થાપક જિગર પારેખે જણાવ્યું હતું કે ઝોનટોમ કંપનીના અમદાવાદ ખાતેના પ્રારંભ સાથે એક નવી શરૂઆત થઈ રહી છે. ભારતનાં દૈનિક જીવનમાં જરૂરી એવાં સલામત ઉત્પાદનો ઝોનટોમ પૂરાં પાડશે. અમારાં ઉત્પાદનો ફૂડ ગ્રેડ સિલિકોનનાં બનેલાં હોવાને કારણે તે સલામત છે. ઈમેજિકા સાથે જોડાઈને તેના મર્ચેન્ડાઈઝિંગ અને બુકિંગ પાર્ટનર બનવાનો પણ અમને આનંદ છે.-

## એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ મિસાઈલ માટે ક્વેડ લોંચરનું નિર્માણ કર્યું



**તાલેગાંવ, પૂણે,** લાર્સન એન્ડ ટૂબ્રોની સંરક્ષણ ક્ષેત્રમાં કામ કરતી કંપની અને બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ (બીએપીએલ)ની અગ્રણી ઉદ્યોગ પાર્ટનર્સમાંની એક એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ મિસાઈલ માટે 'ક્વાડ્રપ્લ કેનિસ્ટરાઈઝ ઈન્ક્લાઈન લોંચર' (ક્યુસીઆઈએલ કે ક્વેડ લોંચર) ડિઝાઈન અને પ્રોટોટાઈપ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે તેમજ કડક પરીક્ષણો પછી આજે એક કાર્યક્રમમમાં બીએપીએલને ક્વેડ લોંચર પ્રોટોટાઈપ સુપરત કર્યું છે.

ક્વેડ લોંચર ભારતીય નૌકાદળનાં જહાજોનાં ઈન્ક્લાઈન કન્ફિગરેશનમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ્સ લોંચ કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે. લોંચર ટ્વિન કેનિસ્ટર, ડેક માઉન્ટેડ લોંચર્સની સરખામણીમાં વધારે ફાયરપાવર પૂરો પાડે છે તથા સિંગલ કે સાલ્વો મોડમાં ચાર મિસાઈલને સપોર્ટ કરવા અને લોંચ કરવાની ક્ષમતા ધરાવે છે. નવું ક્વેડ લોંચર યુદ્ધનાં જહાજો માટે અનુકૂળ છે, જે વર્ટિકલ લોંચ મોડ્યુલને સમાવવા જગ્યાની મર્યાદા ધરાવે છે.

એલએન્ડટી બોર્ડનાં મેમ્બર અને પૂર્ણકાલિન ડિરેક્ટર (નિર્દેશક) (ડિફેન્સ) અને એલએન્ડટી બોર્ડનાં સભ્ય શ્રી જયંત પાટિલે બ્રહ્મોસ એરોસ્પેસનાં સીઈઓ અને એમડી તથા ડિરેક્ટર જનરલ (બ્રહ્મોસ) ડીઆરડીઓ ડો. સુધીર મિશ્રાને ક્યુસીઆઈએલ પ્રોટોટાઈપ પૂણે નજીક એલએન્ડટી ડિફેન્સ સ્ટ્રેટિજિક સિસ્ટમ્સ કોમ્પ્લેક્સમાં આયોજિત એક કાર્યક્રમમાં સુપરત કર્યું હતું. ક્યુસીઆઈએલનાં ઉત્પાદન એકમો આગામી ૧૮ મહિનામાં ભારતીય નૌકાદળનાં જહાજો પર તૈનાત થવા માટે સજ્જ થશે. (૧)

# ઈમિગ્રાન્ટ્સ પર બ્રિટનની તવાઈ

બ્રિટન પર અત્યારે 'વિન્ડરશ સ્કેન્ડલ'નાં કાળાં વાદળો છવાયેલાં છે. હકીકતમાં વિન્ડરશ એ કોઈ કૌભાંડ નથી, પણ છતી થઈ રહેલી માનસિકતાની ઓળખ છે. બ્રિટનમાં છેલ્લા લાંબા સમયથી ઈમિગ્રેશનના કાયદા હેઠળ ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, જમૈકા અને અન્ય રાષ્ટ્રકુળ દેશોના નાગરિકોને દેશમાંથી પાછા મોકલી દેવાની અંદરખાને ઝુંબેશ ચાલી રહી છે. સ્વરૂપ એજ છે, બ્રિટન હોય કે અમેરિકા હોય તેમને પોતાના કારણોસર વિદેશી નાગરિકોને દેશનિકાલ કરવા છે, અથવા તો આવતા રોકવા છે. એટલે જ અમેરિકાએ પણ વીઝાનાં ધોરણ અને શરતો બહુ જ કઠીન બનાવી દીધા છે. આ બન્ને દેશોમાં ભારતીય મૂળના નાગરિકો, અભ્યાસ, વ્યવસાય અને રોજગાર અર્થે વધારે સંખ્યામાં છે. એટલે હવે આ બધું તેમનાથી સહન નથી થતું, એટલે સૌથી વધારે પાયમાલી ભારતીય નાગરિકોને જ થવાની છે. આમ જોઈએ તો ન્યૂઝીલેન્ડને બાદ કરતાં ઓસ્ટ્રેલિયા પણ પહેલાં જેટલું ઉદાર તો નથી જ રહ્યું. ભારતીયો માટે અમેરિકા અને બ્રિટન એ પસંદગીના દેશો છે. 'વિન્ડરશ સ્કેન્ડલ'નું પુનરાવર્તન થઈ રહ્યું હોવાના બૂમબરાડા બ્રિટનની લોકસભાના દરવાજે વરસતા વરસાદમાં પણ સંભળાઈ રહ્યા છે. ઘણાને ખબર નહી હોય કે આ વિન્ડરશ શું છે!

વિન્ડરશ નામનું એક જહાજ હતું. જ્યારે બ્રિટનમાં મજૂરોની અછત સર્જાઈ ત્યારે સેંકડો જમૈઈકન કારીગરોને ૧૯૪૮માં એણે લાવીને યુકેના કિનારે ઉતાર્યા હતા. એ એક સ્કેન્ડલ એટલા માટે કહેવાયું કે, તેમાંના મોટા ભાગના કારીગરોને તેમને બ્રિટનમાં રહેવા માટેના જરૂરી દસ્તાવેજોના અભાવે દેશનિકાલ કરવામાં આવ્યા. એ એમની કમનસીબી હતી કે, યુકેમાં રહેવા માટે કોમનવેલ્થ દેશોના નાગરિકો માટે વીઝાનો કાયદો ૧૯૭૩માં અમલમાં આવ્યો, અને એ કાયદામાં બ્રિટને એથી અગાઉ બ્રિટનમાં આવેલા વિદેશી નાગરિકો અંગે કોઈ છૂટછાટ કે બચાવ માટે જોગવાઈ ન કરી. તેથી દાયકાઓથી ત્યાં રહેતા વિદેશીઓને હાંકી કાઢવાની ઝુંબેશ શરૂ થઈ હતી. અથવા તો ત્યારથી એ પ્રક્રિયા બ્રિટને શરૂ કરી દીધી હતી. એવી જ અસર કોમન વેલ્થનેશન સિવાયના દેશોના ત્યાં વસતા નાગરિકો પર પણ થઈ!

ખરેખર તો કૌભાંડ શબ્દ એ યોગ્યતા હમણાં બતાવી. બ્રિટનનાં વડાં પ્રધાન ટેરીસા મૅની અત્યંત નજીકની મહિલા અંબર રડને જ્યારથી કેબિનેટ મિનિસ્ટર બનાવાયાં અને ગૃહ સચિવનો હોદ્દો અપાયો ત્યારથી તેણે બ્રિટનમાં વસતા ગેરકાનૂની વસાહતીઓને વીણીવીણીને ડિપોર્ટ કરવાનું શરૂ કરી દીધું. તેમણે તો 'ડિપોર્ટ' કરવાની સંખ્યાનું લક્ષ્યાંક તૈયાર કર્યું. આખરે એ બાબત બ્રિટનના અખબારોએ ખુલ્લી કરી ત્યારે તેમણે એ અંગે રદીયો તો આપ્યો પણ 'વિન્ડરશ જનરેશન' કેરેબિયન લાંબા સમયથી ડિપોર્ટ થતા હોવાનું બહાર આવ્યું એટલે તેમના પર માછલાં ધોવાયાં અને તેમણે ગયા અઠવાડિયે જ રાજીનામું આપવું પડયું! અને વડાં પ્રધાન ટેરીસાએ તેનાં પાપ ધોવાનું શરૂ કર્યું! હાલમાં રડના સ્થાને પહેલી વખત એક પાકિસ્તાની એશિયન સાજીદ જાવેદને નિયુક્ત કર્યા અને બુધવારે આ કહેવાતા વિન્ડરશ ઈમિગ્રેશન કૌભાંડની તપાસ કરવા ગૃહખાતાને આદેશ આપી દીધો છે.

બ્રિટનના વિરોધ પક્ષે ઘણીવાર સરકારનું ધ્યાન દોર્યું હતું કે, આ દેશવટામાં ભારતીય મૂળના લોકો પણ ભોગ બને છે, મોટા ભાગના ભારતીય બ્રિટિશ નાગરિકો તો આવકવેરો છુપાવવાના આરોપનો ભોગ બન્યા છે. જ્યારે કેરેબિયન અને કોમનવેલ્થ દેશોના નાગરિકો તો 'વિન્ડરશ જનરેશન' ગણાય! તેમને પણ બ્રિટન બહાર કાઢવાનું લાંબા ગાળા સુધી ચાલ્યું. બ્રિટનમાં રહેવા માટે ઈન્ડેફિનેટ લીવ ટુ રિમેઈન જે આઈએલઆર તરીકે ઓળખાય છે, તે હોવું જરૂરી જ નહીં ફરજિયાત છે. પણ જાણે બધાની અરજીઓ લાંબા સમયથી દબાવીને રાખી દેવાઈ હતી અને કેટલીય અરજીઓ યુકે ઈમિગ્રેશન રૂલ્સની કલમ ૩૨૨ (૫) હેઠળ નામંજૂર કરવામાં આવી! આખરે આક્રોશ વધી ગયો અને રવિવારે વરસતા વરસાદમાં પોતાનાં નાનાં બાળકોને સાથે રાખીને ચારસો જેટલા ઉચ્ચ શિક્ષિત વ્યવસાયિકો, આઈટી સલાહકારો, મેન્ટલ હેલ્થ નર્સો અને એ બધા જ ભારતીય અને પાકિસ્તાની નાગરિકોએ બ્રિટનની સંસદ બહાર ઉગ્ર દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા હતા કારણ કે એ બધાને ન સમજાય તેવા કારણોસર આઈએલઆરથી વંચિત રાખવામાં આવ્યા હતા. જેથી તેના અભાવે તેઓ બ્રિટનમાં રહી ન શકે અને માઈગ્રેટ કરવા મજબૂર બની જાય!

## ભાવોની શ્રેષ્ઠતા

આ બાહ્ય દશ્યમય જગતની રચના ઈશ્વર દ્વારા કરવામાં આવી છે. આ પૃથ્વી પર મનુષ્ય સહિત અનેક જીવજંતુ પોતાનું જીવન વિતાવે છે. અન્યોન્ય જીવોમાં મનુષ્ય વિવેકયુક્ત હોવાને કારણે સૌથી શ્રેષ્ઠ પ્રાણી છે. તેને ઈશ્વરે બુદ્ધિ દ્વારા વિચાર કરવાની શક્તિ પ્રદાન કરી છે. વિચારોને પવિત્ર કરીને આત્મભાવમાં જાગ્રત થવાની યુક્તિ માત્ર મનુષ્ય પાસે છે. આ ભૂમિ પર અનેકાનેક એવા મહાપુરુષ થયા છે, જેમણે પોતાને પવિત્ર કરીને આત્માનો સાક્ષાત્કાર કર્યો છે. અનેક એવા પણ મહાપુરુષ જન્મ્યા છે જેમણે ઈશ્વરની અનન્ય ભક્તિ કરીને તેમનાં દર્શન કર્યાં છે. સૂ-માવલોકન કરવાથી એવું વિદિત થાય છે કે પૂર્વમાં મનુષ્યનું હૃદય અત્યંત પવિત્ર હતું અને તેના વિચારોમાં નિર્મળતા વ્યાપ્ત રહેતી હતી. પવિત્રતા, શુદ્ધતા અને મનનની સરળતા તેના માટે સર્વાધિક મહત્ત્વ ધરાવતી હતી.

લોકો બાહ્ય દૃષ્ટિથી વૈભવશાળી ન હતા, પરંતુ હૃદયથી બહુ સંપન્ન હતા, તેમના અંતર્જગતમાં ભાવોની ઉત્કૃષ્ટતા ખીચોખીચ ભરેલી હતી. સાદું જીવન ઉચ્ચ વિચાર તેમનો મૂળમંત્ર રહેતો. કાળની ગતિ અનુસાર વિચારોનું અવમૂલ્યન શરૂ થયું તો અંતર પ્રદેશના ભાવ જગતમાં શુષ્કતા આવવા લાગી. લોકો વિચારોની ઉચ્ચતાને છોડીને માત્ર ભૌતિક જગતની સંપન્નતાને શ્રેષ્ઠ માનીને તેની તરફ આકર્ષિત થતા ગયા. બાહ્ય ચમક-દમકમાં ભાવોની શુદ્ધતા કરમાવા લાગી. સ્વયંને ભૌતિક રૂપે સજાવવાની અને બાહ્ય જગતને જ સર્વસ્વ સમજવાની આ દોડમાં લોકો સામેલ થતા ગયા. પ્રેમ, સહિષ્ણુતા, દયા-પરોપકારના સ્થાન પર બાહ્ય જગતની સંપન્નતા હાવી થતી ગઈ. ઘર, નગર, ગામ તેનાથી ગ્રસ્ત થતા ગયા. આ દોડને કારણે અંદર ઝાંખવું બંધ થઈ ગયું. તેનું પરિણામ પણ હવે આવવા લાગ્યું છે. હવે તો અનેક લોકો જીવનની અમૂલ્યતાને જ નથી સમજી શકતા અને પોતાની જીવનલીલા સમાપ્ત કરવામાં લાગી ગયા છે. જીવન જીવવા માટે ભૌતિક સાધનોની જરૂરિયાત છે, પરંતુ ભાવની શુદ્ધતા અને પવિત્રતાથી મને સીંચતા રહેવાની પણ જરૂર છે. જીવનની નિરંતરતા માટે તેની જરૂરિયાતને નજરઅંદાજ ન કરવી જોઈએ.

## જીવનનો ગરાસ

તર્કશાસ્ત્રના વિદ્વાન પંડિત રામનાથે નવદ્વીપ પાસે એક નિર્જન વનમાં વિદ્યાલય સ્થાપિત કર્યું હતું. તેમાં તેઓ વિદ્યાર્થીઓને શાસ્ત્રોનું જ્ઞાન આપતા હતા. એ સમયે કૃષ્ણનગરમાં મહારાજ શિવચંદ્રનું શાસન હતું. મહારાજ નીતિકુશળ હોવાની સાથે જ વિદ્યાનુરાગી પણ હતા. તેમણે પંડિત રામનાથની ચર્ચા સાંભળી. તેમને એ જાણીને દુઃખ થયું કે આવો મહાન વિદ્વાન ગરીબીમાં દિવસો પસાર કરી રહ્યો છે. મહારાજ જાતે જ ત્યાં ગયા. રામનાથજીએ તેમનું યથાયોગ્ય સ્વાગત કર્યું.

રાજાએ તેમને પૂછ્યું, 'પંડિત પ્રવર! હું તમારી શી મદદ કરું?' પંડિતજીએ કહ્યું, 'રાજન! ભગવત્કૃપાએ મારા તમામ અભાવ દૂર કરી દીધા છે, હવે હું પૂર્ણ છું.' રાજા કહેવા લાગ્યા, 'હું ઘરખર્ચ વિશે પૂછી રહ્યો છું.' પંડિતજીએ કહ્યું, 'ઘરના ખર્ચ વિષે મારી ધર્મપત્ની મારાથી વધુ જાણે છે. જો તમારે કંઈ પૂછવું હોય તો તેને જ પૂછી લો.' રાજા પંડિતજીના ઘરે ગયા અને સાધ્વી ગૃહિણીને પૂછ્યું, 'માતાજી, ઘરખર્ચની કોઈ કમી તો નથી ને?'

એ પરમ સાધ્વીએ જવાબ આપ્યો, 'મહારાજ! ભલા સર્વ સમર્થ પરમેશ્વર હોવાથી તેમના ભક્તોને શી કમી હોઈ શકે?' રાજા બોલ્યા, 'તેમ છતાં માતાજી...' સાધ્વીએ કહ્યું, 'મહારાજ! કોઈ કમી નથી. પહેરવા માટે કપડાં છે, સૂવા માટે પથારી છે. પાણી ભરવા માટે માટીનો ઘડો છે. ખાવા માટે વિદ્યાર્થીઓ સીધું લઈ આવે છે. હવે આનાથી વધારે શી જરૂર છે?' રાજાએ તેમ છતાં આગ્રહ કર્યો, 'દેવી, અમે ઈચ્છીએ છીએ કે તમને કેટલાક ગામનો ગરાસ આપીએ. તેનાથી થનારી આવકથી ગુરુકુળ પણ યોગ્ય સારી રીતે ચાલી શકશે અને તમારા જીવનમાં પણ કોઈ અભાવ નહીં રહે.' જવાબમાં એ વૃદ્ધ બ્રાહ્મણ સ્ત્રી હસી અને કહ્યું, 'પ્રત્યેક મનુષ્યને પરમાત્માએ જીવન રૂપી ગરાસ પહેલેથી જ આપી દીધો છે. જે જીવનના આ ગરાસને સાચવતાં શીખી જાય તેણે ફરી કોઈ ચીજનો કોઈ અભાવ રહેતો નથી.' રાજા આ સાંભળી નિરુત્તર થઈ ગયા.

## મજબૂત મનના ચાર ગુણધર્મો

એકવાર એક વિદ્યાર્થી ગુરૃ પાસે ગયો અને પોતે શિક્ષા લેવા માંગે છે તેવી ઈચ્છા પ્રગટ કરી. ગુરુએ તેનો હાથ જોઈને કહ્યું કે તું નહિ ભણી શકે. તારા હાથમાં ભણતરની રેખા જ નથી. વિદ્યાર્થીએ પૂછ્યું કે ભણતરની કઈ રેખા છે ?! ગુરુએ પોતાના હાથમાં રેખા બતાવી. તરત જ વિદ્યાર્થીએ બાજુમાં પડેલું દાતરડું લઈને પોતાના હાથમાં રેખા ખેંચી કાઢી. 'બોલો હવે તો હું ભણી શકીશ ને ?!' ગુરુને તરત જ પોતાની ભૂલ સમજાઈ અને એમના મોઢામાંથી શબ્દો સરી પડયાં કે આવા મજબૂત મનોબળવાળાને કોઈ હસ્તરેખાની જરૃર જ નથી !! આ વિદ્યાર્થી મોટો થઈને 'પાણિની' નામે પ્રસિદ્ધિ પામ્યો જેણે સંસ્કૃતનું વ્યાકરણ રચ્યું !! આવા પ્રસંગો વાંચીએ, સાંભળીએ અને સૌ કોઈને તાન આવી જાય કે આપણે પણ આવું મજબૂત મનોબળ કેળવવું જોઈએ. આ માનસિકતાનો કહેવાતા માઈન્ડ ટ્રેઈનરો ભરપુર લાભ ઉઠાવે છે. તેમના ફી સેમિનારોમાં આવા પ્રસંગો, સફળતાના નિયમો, મગજની અદ્ભુત શક્તિઓ વગેરેની વાતો કરીને લોકોને જુસ્સામાં લાવે છે અને પોતાના વર્કશોપના રજીસ્ટ્રેશન છલકાવી દે છે. કમનસીબે વ્યવહારમાં ખૂબ ઓછી વ્યક્તિઓ એવી જોવા મળે છે કે જે સાચા અર્થમાં મજબૂત મનોબળ ધરાવતી હોય ! પરંતુ સાથે સાથે આનંદની વાત એ પણ છે કે તમે ધારો તો મજબૂત મનોબળ કેળવી શકો છો. જેમ શરીરને મજબૂત બનાવવા આપણે સ્નાયુઓની વિવિધ કસરત કરવી જરૃરી છે તેમ મનને પણ વિવિધ પ્રકારની માનસિક કસરતો કરાવવાથી અને ચોક્કસ પ્રકારની વિચારસરણી પ્રમાણે ઘડવાથી દ્રઢ-મજબૂત બનાવી જ શકાય છે. મજબૂત મનના ચાર મુખ્ય અને મૂળભૂત કહી શકાય તેવા ગુણધર્મો છે. સૌ પ્રથમ ગુણધર્મ છે તમારી માનસિક તાકાત. અહિં માનસિક તાકાત એટલે કોઈ એક બાબત (વિચાર, પ્રશ્ન, પ્રસંગ, ઘટના કે પછી ગમે તે) પર ધ્યાન કેન્દ્રીત કરવાની તમારા મગજની ક્ષમતા. તમે જ્યારે ઈચ્છો ત્યારે, જેટલું ઈચ્છો તેટલા પ્રમાણમાં અને જેટલું ધારો તેટલો લાંબો સમય કોઈ બાબતમાં એક ધ્યાન રાખી શકતા હોવ તો તે તમારી માનસિક તાકાત છે. આ અર્થમાં સારી માનસિક તાકાત માટે એકાગ્રતા ઉપરાંત લાગણીઓનું સંતુલન અને વિચારો પરનો કાબૂ પાયાની જરૃરિયાત છે. બીજો ગુણધર્મ છે મનની એક બાબત પરથી બીજી બાબત પર સરકવાની સરળતા. ઘણી વ્યક્તિઓના જીવન વિચારો કે લાગણીઓના એક સિમીત ઝૂંડ વચ્ચે જ પૂરા થઈ જાય છે ! તેઓ જાણવા અને સમજવા છતાં પણ એક બાબતને સરળતાથી છોડીને બીજી બાબત પકડી શકતા નથી. પોતાના દુઃખ, પોતાને થયેલા અન્યાયો વગેરેને લઈને ફર્યા કરે છે. પરંતુ, જ્યારે વ્યક્તિ એક વિચાર પરથી બીજા વિચાર પર સરળતાથી જઈ શકે છે ત્યારે તેની સર્જનશક્તિ પૂરબહારમાં ખીલી શકે છે. તે નવું નવું વિચારી શકે છે, નવી રચનાઓ શોધખોળો કરી કે જીવનને નવી દિશા આપી શકે છે !! મજબુત મનની આ ક્ષમતા છે. મનની કોઈ એક હકારાત્મક બાબતને ચીટકી રહેવાની વૃત્તિ એ ત્રીજો મહત્ત્વનો ગુણધર્મ છે. તમે હાથમાં લીધેલા કાર્યને તમે કેટલી દ્રઢતાથી વળગી રહી શકો છો તે ખૂબ અગત્યનું છે. કોઈપણ બાબતથી વિચલિત થયા વગર કે નાસીપાસ થયા વગર વ્યક્તિ જ્યારે પોતાના ધ્યેયને વળગી રહે છે.

**પનામા પેટ્રોકેમ લીમીટેડ**
**રજી. ઓફિસઃ** પ્લોટ નં.૩૩૦૩, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર, ૩૯૩૦૦૨.
**કોર્પો.ઓફિસઃ** ૪૦૧, અઝા હાઉસ, ૨૪, ટર્નર રોડ, મુંબઈ-૪૦૦ ૦૫૦.વેબસાઈટ : www.panamapetro.com
સીન નં.: L23209GJ1982PLC00506
ફોન : ૯૧-૨૨-૪૨૧૭૭૭૭૭, ઈમેલઃ cs@panamapetro.com
**નોટીસ**
આથી અહી નોટીસ આપવામાં આવે કે સેબી(લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૭ના નિયમ ૨૯ વાંચતા કંપનીએ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ૨૫ મે,૨૦૧૮ નારોજ ઈન્ટર અલીયામાં ૩૧ માર્ચ, ૨૦૧૮ના અંતિમ ત્રીજા ક્વાર્ટરમાં કંપનીનાએપ્રૂવ્ડ સ્ટેન્ડલોન અને કન્સોલીડેટેડ અનઓડીટેડ નાણાંકીય પરિણામ ની યોગ્ય ચર્ચા માટે યોજાશે, જો કોઈ. આ જાણકારી કંપની ની વેબસાઈટ www.panamapetro.com અને સ્ટોક એક્સચેંઝની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.
બોર્ડના હુક્મ દ્વારા
પનામા પેટ્રોકેમ લીમીટેડ વતી
સહી/-
ગાયત્રી શર્મા
કંપની સેક્રટરી એન્ડ કમ્પલેઈન્સ ઓફિસર
સ્થળ : મુંબઈ
તારીખઃ ૭.૫.૨૦૧૮

**TEXEL INDUSTRIES LTD.**
Registered Office: Block No. 2106, Santej-Khatraj Road, Nr Shah Alloys Ltd., Village: Santej, Tal: Kalol, Dist: Gandhinagar, Gujarat-382721
Phone No. 8980026110/8980026220
E-Mail ID:info@geotexelin.com

**NOTICE OF BOARD MEETING**
Pursuant to Regulation 29 read with regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. NOTICE is hereby given that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on Wednesday, 23rd May, 2018, at 11.00 A.M at the Registered Office of the Company at Block No. 2106, Santej-Khatraj Road, Nr Shah Alloys Ltd., Village: Santej, Tal: Kalol, Dist: Gandhinagar, Gujarat-382721, inter alia to consider and approve the Audited Financial Results for the year ended 31st March, 2018.
The said notice may be accessed on the Bombay Stock Exchange website at www.bseindia.com and on company website http://www.geotexelin.com/corporate-governance.
For Texel Industries Ltd.
Sd/-
SHAILESH MEHTA
MANAGING DIRECTOR
DIN: 01457666
Date: 05/05/2018
Place: Santej

**સૂચના**
કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.